હિન્દુત્વનો ઝંડો લઈને ફરશો તો કમલેશ તિવારી જેવી હાલત કરવાની ધમકી

ભગવા સ્વયં સેવક સંઘના પ્રદેશ પ્રમુખને જાનથી મારી નાખવાની ધમકી : સી.એ.બી. બિલના સમર્થન મામલે ધમકી મળ્યાની રાવ સાથે પોલીસને કરાઈ લેખિત ફરિયાદ

ભગવા સ્વયંસેવક સંઘ ગુજરાતના પ્રદેશ પ્રમુખ અને પાલનપુર નગર પાલિકાના માજી નગરસેવકને સી.એ.બી બિલના સમર્થન મામલે ટેલિફોન પર જાનથી મારી નાખવાની ધમકી મળતા ચકચાર મચી જવા પામી છે. આ અંગે પોલીસને લેખિત જાણ કરી પોલીસ રક્ષણની પણ માંગ કરાઈ છે. કેન્દ્રની મોદી સરકાર દ્વારા પસાર કરવામાં આવેલા સી.એ.બી/ એન. આર.સી બિલના સમર્થનમાં પાલનપુરમાં હિન્દૂ તથા રાષ્ટ્રવાદી વિચારધારા ધરાવતા વિવિધ સંગઠનો દ્વારા વિશાળ રેલી યોજી કૃતજ્ઞતા પત્રો આપીને સમર્થન આપવામાં આવ્યું હતું. જેમાં હિન્દુત્વનો ઝંડો લઈને ફરવા બદલ હિન્દૂવાદી યુવા નેતા અશોક પુરોહિતની હાલત કમલેશ તિવારી જેવી કરી જાનથી મારી નાખવાની ધમકી અપાતા મામલો ગરમાયો છે.

પાલનપુરમાં રહેતા અને ભગવા સ્વયં સેવક સંઘના ગુજરાતના પ્રમુખ અશોક ભાઇ પુરોહિત દ્વારા પાલનપુર શહેર પૂર્વ પોલીસ સ્ટેશનના પી.આઈ.ને લેખિતમાં રજૂઆત કરાઈ છે. તેમના મોબાઈલ પર રાત્રે ફોન પર કોઇ અજાણ્યા નંબરથી કોલ આવેલ અને તેમના પરિવાર તેમજ તેમને જાનથી મારી નાખવાની ધમકી આપેલ અને તેઓએ સરકારના સીએબી એનઆરસી સમર્થનમાં આવેદનપત્ર આપેલ તેને લઈને તેઓને કહેલ કે, હિન્દુત્વનો ઝંડો ઉપાડી ફરો છો. તો સમજી લેજો કે કમલેશ તિવારી જેવી હાલત કરીને મૂકી દઈશું. અશોકભાઈએ થાય તે કરી લેજો તેમ કહેતા સામેથી વાત કરી રહેલા વ્યક્તિ એ તેઓને કિર્તિસ્તંભ બોલાવેલ પરંતુ તેઓ ગયા ન હતા. તેઓએ ઉપરોક્ત મુજબની લેખિત ફરિયાદ આપી પોલીસ પ્રોટેક્શન પૂરું પાડવા માટે માંગ કરી છે. સિમલાગેટ પોલીસ ચોકીના હેડ કોન્સ્ટેબલ મોગલદાને વધુ તપાસ હાથ ધરી છે.

ડીસા ગાયત્રી મંદિર નજીકના સર્વિસ રોડ પર દબાણનો રાફડો

ડીસામાં હાલમાં ઓવરબ્રિજની કામગીરી પુરજોશમા ચાલી રહી છે જેને લઈ મોટાભાગના વાહનો સર્વિસ રોડ ઉપરથી પસાર થાય છે જો કે તેમાં સૌથી વધુ ટ્રાફિક ગાયત્રી મન્દિરના સર્વિસ રોડ ઉપર થાય છે કેમ કે આ સર્વિસ રોડ ઉપર લારી ગલ્લા અને ખાનગી જીપો પાર્ક કરવામાં આવતા સર્વિસ રોડ એકદમ સાંકડો બની જાય છે જેના લીધે દિવસમાં વારંવાર ટ્રાફિક જામ થવાની સમસ્યા સર્જાય છે અને કલાકો સુધી ટ્રાફિક જામના કારણે નજીકમાં આવેલા ડોકટર હાઉસમાં સારવાર અર્થે આવતા દર્દીઓ પણ ભારે મુશ્કેલી વેઠે છે આ ઉપરાંત ગાયત્રી મન્દિર હોઈ દર્શનાર્થે આવતા લોકો પણ ભારે યાતનાનો સામનો કરી રહ્યા છે ત્યારે અહીં કાયમી ધોરણે પોલીસ પોઈન્ટ મુકવામાં આવે તો આ સમસ્યા મહદઅંશે નિવારી શકાય તેમ છે તેવું નગરજનોએ જણાવ્યું હતું.

ડીસા ઠંડીમાં ઠૂંઠવાયું : પારો ૭.૮ ડીગ્રીએ, ચોવીસ કલાકમાં ૪ ડીગ્રીનો ઘટાડો

સમગ્ર રાજ્યમાં સૂર્ય ગ્રહણ બાદ ઠંડીમાં ચમકારો જોવા મળી રહ્યો છે જેમાં ડીસા પંથકમાં છેલ્લા એકાદ અઠવાડિયાથી ઠંડીમાં આંશિક ઘટાડો થવા પામ્યો હતો તેમજ વરસાદની આગાહીના પગલે દિવસ દરમિયાન ગરમી પડતા મિશ્ર ઋતુ જોવા મળી રહી હતી જ્યારે ઠંડીનો પારો પણ ૧૧ ડીગ્રી ઉપર પહોંચી જતા દિવસે ગરમી નો અહેસાસ થતા સમગ્ર વાતાવરણ ડહોળાઈ ગયું હતું. જો કે ગુરુવારે સૂર્યગ્રહણ બાદ એકાએક ઠંડીમાં નોંધપાત્ર વધારો થયો હતો અને શુક્રવારે ઠંડીનો પારો સિઝનની સૌથી નીચી સપાટી ૭.૮ ડીગ્રીએ પહોંચી જતા હાડ ધ્રુજવતી ઠંડીથી જનજીવનને વ્યાપક અસર પહોંચી હતી લોકો દિવસે પણ ગરમ કપડાંમાં સજ્જ જોવા મળ્યા હતા સાંજે અને વહેલી સવારે લોકો ઘરમાં પુરાઈ રહેતા બજારો સુમસામ જોવા મળી હતી મતલબ ડીસાવાસીઓ શિયાળુ સિઝનની સૌથી વધુ ઠંડીનો સામનો કરી રહ્યા છે. આ બાબતે ડીસા હવામાન કચેરીએ આગામી દિવસોમાં હજુ ઠંડીમાં વધારો થશે અને ઠંડીનો પારો હજુ બે થી ત્રણ ડીગ્રી નીચો જવાની શક્યતા જણાઈ રહી હોવાનું જણાવ્યું હતું જોકે વધી રહેલી ઠંડીને લઈ ગુજરાત હવામાન કચેરી દ્વારા કોલ્ડવેવની પણ આગાહી કરવામાં આવી છે.

લોકરક્ષકની ભરતીમાં મહિલા ઉમેદવારોને અન્યાય મુદ્દે રજૂઆત

ગુજરાતમાં તાજેતરમાં કરાયેલી લોક રક્ષક દળની ભરતીમાં મહિલા ઉમેદવારોને અન્યાય કરાયો હોવાના આક્ષેપ સાથે ગુરૂવારે વિહોતર ગ્રુપ દ્વારા મુખ્યમંત્રીને સંબોધીને પાલનપુર ખાતે જિલ્લા કલેકટર કચેરીએ રજૂઆત કરવામાં આવી હતી. વિહોતર ગ્રુપ ઓફ ગુજરાત દ્વારા કરાયેલી રજૂઆતમાં જણાવ્યું હતુ કે, લોકરક્ષક ભરતીનું મેરીટ લીસ્ટમાં અનામત કેટેગરીની વધુ ગુણ ધરાવતી મહિલાઓ જે બિન અનામત સમાવી શકાય તેટલા ગુણ ધરાવે છે. છતાં અનામત કેટેગરીની મહિલાઓને બિન અનામત કેટેગરીમાં સામેલ નહી કરીને તેમને અન્યાય કરવામાં આવ્યો છે. તો આ મેરીટ લીસ્ટ રદ કરીને ન્યાય આપવામાં આવે તેવી ઉમેદવારોની માંગણી છે.

ડીસાની ગર્લ્સ હાઈસ્કૂલમાં હિન્દુ યુવા સંગઠન દ્વારા સ્વેટરોનું વિતરણ

સમગ્ર ગુજરાતમાં અત્યારે ઠંડીનું મોજું ફરી વળ્યું છે અને લોકોને ઘરની બહાર નીકળવુ મુશ્કેલ બની ગયું છે ત્યારે આવી ઠંડીમાં પણ કેટલાક બાળકો સ્વેટર વિના અભ્યાસ કરવા મજબૂર બન્યા હોય છે આવા બાળકોની સહાય કરવા માટે છેલ્લા કેટલાક સમયથી ડીસા શહેરમાં સેવાકાર્ય કરતી હિન્દુ યુવા સંગઠન દ્વારા આજે ડીસાની ડી. એન .પી. ગર્લ્સ હાઈસ્કૂલમાં અભ્યાસ કરતાં જરૂરિયાત મંદ બાળકોને ઠંડી થી બચવા સ્વેટર વિતરણ કરવામાં આવ્યા હતાં જેમાં શાળાના આચાર્ય દિનેશભાઈ સાખલા દ્વારા હિન્દુ યુવા સંગઠનની કામગીરીને બિરદાવીને પ્રશંસા કરી હતી અને જણાવ્યું હતું કે અમારી શાળામાં કેટલાક ગરીબ બાળકો અભ્યાસ કરતા હોય અત્યારે શિયાળાની સિઝનમાં વધુ પડતી ઠંડીનું પ્રમાણ હોય બાળકો ઠંડીમાં સ્કૂલ માં આવતા હોઈ ઠંડીથી મુશ્કેલી ભોગવી રહ્યા હતા.

જેથી અમો શાળાના શિક્ષકો દ્વારા સાથે મળીને બાળકોને સ્વેટર વિતરણ કરવામાં આવ્યા હતાં જેની હિન્દુ યુવા સંગઠનના અધ્યક્ષ નીતિનભાઈ સોનીને જાણ થતા તેમના તથા સંગઠનના કાર્યકર્તાઓ સાથે મળીને અમારી સ્કૂલમાં આવીને જરૂરિયાતમંદ બાળકોને સ્વેટર આપવામાં આવ્યા હતા અન્ય સંગઠનો દ્વારા પણ આવી રીતે જરૂરિયાતમંદ બાળકોને ઠંડીથી બચવા સ્વેટર વિતરણ કરવામાં આવે તેવી સંસ્થાઓ પાસે આશા રાખી હતી હિન્દુ યુવા સંગઠનના અધ્યક્ષ નિતીનભાઈ સોની સાથે હિતેશભાઈ રાજપૂત,જયદીપ ભાઈ ચોખાવાળા, કેતનભાઈ ચૌધરી, કલ્પેશભારથી, પાર્થભાઈ વાઘેલા, સૂંધેસસિંહ વિહોલ, ઘનશ્યામભાઈ સોની,દિપકભાઈ ઠાકોર, જગદીશભાઈ વાઘેલા, મોહિત દામાણી, હરેશભાઈ ઠક્કર, દર્ગાજી શુંદેશાના સહયોગથી સ્વેટર વિતરણ કરવામાં આવ્યું હતું .

શિક્ષણનું વ્યાપરિકરણ

એબીવીપી દ્વારા પાલનપુરની જી.ડી. મોદી કોલેજ સંકુલમાં શિક્ષણનું વ્યાપારીકરણ થતું હોવાના ગંભીર આક્ષેપો કરાયા હતા. કોલેજ ફીના નામે ડિપોઝિટ વધારે લઇ પરત ન આપતી હોવાના આક્ષેપો સાથે તેમજ રૂપિયા ત્રણથી ચાર કરોડનું ડિપોઝિટના કૌભાંડના આક્ષેપો સાથે જી.ડી.મોદી કોલેજ ખાતે વિરોધ દર્શાવી કોલેજ બંધ કરાવવાનો પ્રયાસ કરાયો હતો. આ અંગે કોલેજ કે યુનિવર્સિટી દ્વારા છેલ્લા દોઢ વર્ષથી કરાયેલી રજુઆતનો પણ કોઈ જવાબ અપાતો ન હોવાનો આક્ષેપ પણ એબીવીપી દ્વારા કરાયો હતો.

હેલ્મેટ વિના વાહન પ્રવેશ પર પાબંદી સામે

પાલનપુરની જી. ડી. મોદી કોલેજમાં એબીવીપી/એન.એસ.યુ.આઈ.નો વિરોધ

રાજ્યસરકારે શહેરી વિસ્તારમાં દ્વિચક્રી વાહનચાલકો માટે હેલ્મેટ મરજીયાત કરી છે. ત્યારે પાલનપુરની જી.ડી.મોદી કોલેજમાં હેલ્મેટ વિના કોલેજીયન છાત્રોના વાહનોના પ્રવેશ પર પાબંદી સામે અખિલ ભારતીય વિધાર્થી પરિષદ અને એન.એસ.યુ.આઈ. દ્વારા વિરોધ પ્રદર્શિત કરાયો હતો.

પાલનપુરની જી.ડી. મોદી વિદ્યા સંકુલ માં અભ્યાસ કરતા છાત્રોને હેલ્મેટ વિના વાહનોના પ્રવેશ સામે પાબંદી ફરમાવતા વિધાર્થીઓને તેમના વ્હીકલો ફરજીયાતપણે સર્વિસ રોડ પર પાર્કિંગ કરવા પડે છે. જે ટ્રાફિક માટે પણ અવરોધરૂપ બને છે. એકબાજુ રાજ્ય સરકારે હેલ્મેટ મરજીયાત કર્યું છે. ત્યારે બીજીબાજુ કોલેજ સત્તાવાળાઓ હેલ્મેટ વિનાના છાત્રોના વાહનોને પ્રવેશ આપતા નથી. ત્યારે સરકારના આદેશને પણ ઘોળીને પી જઈ હેલ્મેટના દુરાગ્રહ સાથે ટુ-વ્હીલરોને પ્રવેશ ન આપવાના કોલેજના નિર્ણય સામે આજે અખિલ ભારતીય વિધાર્થી પરિષદ અને એન.એસ.યુ. આઈ.એ અવાજ ઉઠાવતા વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

ડીસામાં જુગાર રમતા ત્રણને દક્ષિણ પોલીસે ઝડપાયા

ડીસા, તા. ૨૭

ડીસા શહેર દક્ષિણ પોલીસે ભોપાનગરની જુની કાફે મીલન સામે બાવાવાસ ગૌસ્વામી સમાધીવાડા પાછળ આવેલ ખુલ્લી જગ્યામાં

ગંજીપાના થી તીનપત્તિનો જુગાર રમતા મહેન્દ્રભાઈ મોહનલાલ સોલંકી (માળી) રહે. રાણપુર આથમણાવાસ તા.ડીસા, રમેશભાઈ છગનભાઈ લવારીયા (ડાભી) રહે. ડીસા ભોપાનગર બાવાવાસ તા.ડીસા અને ગૌતમપુરી રતનપુરી ગૌસ્વામી રહે. ભોપાનગર પોલીસ ચોકી સામે તા.ડીસાને જુગાર રમવાના સાહી?ય સાથે ઝડપી પાડ્યા હતા.તેમની અંગજડતી તેમજ પટ ઉપરથી મળી કુલ રોકડ રકમ રૂ.૧૦,૧૨૦/- તથા મોબાઈલ નંગ ૧ કી.રૂ.૧૦૦૦ મળી કુલ કિ.રૂ ૧૧,૧૨૦/- ના મુદ્દામાલ સાથે રેઈડ દરમ્યાન પકડી પાડી તમામ ઈસમો વિરૂધ્ધ જુગાર ધારા મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

કંપની સમાચાર

સાટે ૨૦૨૦ ઉદ્યોગ માટે ટ્રાવેલ અને ટુરીઝમનું શ્રેષ્ઠત્તમ પ્રદાન કરવા માટે સુસજ્જ

ભારતની અગ્રણી બીટુબી પ્રદર્શન આયોજક ઈન્ફોર્મા માર્કેટ્સ ઈન ઈન્ડિયા (અગાઉની યુબીએમ ઈન્ડિયા) ૮ મીથી ૧૦ મી જાન્યુઆરી, ૨૦૨૦ ના રોજ ઈન્ડિયા એક્સપો સેન્ટર, ગ્રેટર નોઈડી, દિલ્હી-એનસીઆર ખાતે સાટે (સાઉથ એશિયા ટ્રાવેલ એન્ડ ટુરીઝમ એક્સચેન્જ)ની ૨૭ મી આવૃત્તિ લાવવા માટે સંપૂર્ણ સુસજ્જ છે. આ વર્ષે લગભગ ૫૦ દેશ અને ૧૦૪ ભારતીય શહેરોમાંથી ૧૦૫૦ પ્રદર્શનકારીઓ અને બાયર્સ અને પ્રવાસ વ્યાવસાયિકો પ્રદર્શનમાં પધારવા સુસજ્જ છે. આ પ્રદર્શન દુનિયાભરના ટ્રાવેલ, ટુરીઝમ અને હોસ્પિટાલિટી ઉદ્યોગના વ્યાવસાયિકો માટે વ્યાપક મંચ પ્રદાન કરવાનું ચાલુ રાખશે. આ પ્રદર્શન ઈનબાઉન્ડ, ડોમેસ્ટિક અને આઉટબાઉન્ડ બજારોના ખેલાડીઓ માટે પણ મંચ ઓફર કરે છે.

નવી વેપાર ભાગીદારીઓ અને ઘોષણા પર ધ્યાન કેન્દ્રિત કરતાં આ ત્રણ દિવસીય પ્રદર્શન ઉદ્યોગમાં નવા વાહો પ્રદાન કરવા અને ચર્ચા કરવા વચનબદ્ધ છે. ગુજરાત, ઉત્તરાખંડ, ઉત્તરપ્રદેશ, પશ્ચિમ બંગાળ અને જૂજ અમુક રાજ્યો પણ તેમાં જોડાવા સુસજ્જ છે.

ગવાડા ખાતે મેલડી માતાજીનો ૧૧મો નવચંડી યજ્ઞ તથા માતાજીની જાતરનું આયોજન

વિજાપુર તાલુકાના ગવાડા ગામે જુનો રાવળવાસ નજીક શ્રી કાળા ભગતની સૂરજ મેલડીમાના મંદિરે આગામી તા. ૩૦મી ડિસેમ્બર સોમવારે સવંત ૨૦૭૬ પોષ સુદ-૪ના દિવસે ૧૧મા નવચંડી યજ્ઞ અને નવરંગો માતાજીના માંડવો (જાતર)નું આયોજન કરવામાં આવ્યું છે. આ શુભ અવસરે પંચદશનામ્ જુના અખાડાના આંતરરાષ્ટ્રીય સંગઠન મહામંત્રી મહંત પૂ. ગોપાલગીરી બાપુ જુનાગઢથી આશિર્વાદ આપવા પધારશે. આ ઉપરાંત અમદાવાદના અસારવા અખાડાના મહંત પૂ. પુરાણગીરીબાપુ, મોડાસાના બાજકોટ ખાતેના દેવરાજધામના મહંત પૂ. ધનગીરીબાપુ અને મુખ્ય મહેમાનપદે નિવૃત સેટલમેન્ટ કમિશનર આર.એમ. જાદવ ઉપસ્થિત રહેશે.

સમસ્ત રાવળ યોગી પરિવાર દ્વારા શુભચિંતક દાતાઓના સહયોગથી આયોજિત ૧૧મા નવચંડીયજ્ઞ અને નવરંગો માતાજી માંડવો (જાતર)નો પ્રારંભ તા. ૩૦મી ડિસેમ્બરે સવારે ૭.૧૫ કલાકે ભવ્ય શોભાયાત્રા સાથે થશે જ્યારે સવારે ૬ કલાકે મહાયજ્ઞનો શુભારંભ થઈ જશે. આ પ્રસંગે સાંજે ૪.૧૫ કલાકે શ્રીફળ હોમાશે તથા ૫.૧૫ કલાકે મહાઆરતી યોજાશે. પ્રસંગના એક દિવસ પૂર્વે એટલે કે તા. ૨૯મી ડિસેમ્બર રવિવારે સવારે ૧૦.૧૫ કલાકે છપ્પન ભોગ દર્શનનો લ્હાવો દર્શનાર્થીઓ માણી શકશે. સોમવારે સાંજે ૬ કલાકે મહાપ્રસાદ યોજાશે. રાત્રે ૯.૧૫ કલાકે માતાજીની જાતરનું આયોજન કરાયું છે. જેમાં ગુજરાતની ધરતીના રેગડી કલાકાર મુકેશ ઠાકોર તેમના કંઠના કામળ પાથરશે.

તીડો બલૂચિસ્તાનની તરફ ફંટાય તેવી પુરી સંભાવના

કેન્દ્રની ૧૬, રાજ્યની ૧૦૦ ટ્રેક્ટર માઉન્ટેડ ટીમો દ્વારા મોટાપાયે તીડનો નાશ : તીડ નિયંત્રણ માટે દવાનો છંટકાવ

અમદાવાદ, તા.૨૭

રાજ્યના બનાસકાંઠા જિલ્લાના વિવિધ વિસ્તારમાં થયેલા તીડના આક્રમણના કારણે ખેડૂતોના પાકને નુકસાન તથા સર્જાયેલી વિકટ સ્થિતિને પહોંચી વળવા રાજ્ય સરકારે સઘન આયોજન કર્યું છે. કેન્દ્ર સરકારની ૧૬ ટીમો અને રાજ્ય સરકારની ૧૦૦ ટ્રેક્ટર માઉન્ટેડ સ્પ્રેયર ટીમો મળી કુલ ૧૧૬ ટીમો દ્વારા તીડ નિયંત્રણ કામગીરી દ્વારા મોટી સંખ્યામાં તીડનો નાશ કરાયો છે. પવનની દિશાને પગલે તીડ બલૂચિસ્તાન તરફ જાય તેવી શક્યતા સરકારે વ્યકત કરી છે. સરકાર તરફથી આગામી ત્રણ દિવસમાં બનાસકાંઠામાંથી તીડનો ખાત્મો થઈ જવાની આશા પણ વ્યકત કરાઈ હતી. આ અંગે કૃષિ અને સહકાર વિભાગના અધિક મુખ્ય સચિવ પી.કે.પરમારે જણાવ્યું હતું કે, બનાસકાંઠાના તીડથી અસરગ્રસ્ત વિસ્તારોમાં કૃષિ મંત્રી આર.સી.ફળદુ ત્યાં પહોંચી ગયા છે અને કૃષિ વિભાગના ઉચ્ચ અધિકારીઓ તથા સ્થાનિક જિલ્લાના વહીવટી તંત્ર સાથે સંકલન કરીને તીડ નિયંત્રણની કામગીરી સંદર્ભે યુદ્ધના ધોરણે પગલાં હાથ ધરવાને પરિણામે આ સફળતા મળી છે.

રાજ્ય સરકારની આ કામગીરીને પરિણામે અને પવનની દિશાના આધારે તીડની દિશા હવે પાકિસ્તાનના બલૂચિસ્તાન તરફ રવાના થાય તેવી સંભાવના છે. ખેડૂતોએ માંગ કરી હતી કે, જો દિવસ દરમિયાન વીજ પુરવઠો મળે તો ખેતરોમાં ફુવારા ચાલુ રાખી શકાય અને એના લીધે પાક પર તીડ બેસતા નથી એને ધ્યાને લઈને રાજ્ય સરકારે આ વિસ્તારોમાં દિવસે વીજ પુરવઠો પુરો પાડવાનું શરૂ કરી દીધું છે. જેથી ખેડૂતો ખેતરમાં ફુવારા ચાલુ રાખી શકે અને તીડને બેસતા અટકાવી નુકસાનથી બચી શકાય. સંકલિત અભિગમને કારણે નિયંત્રણની કામગીરી વધુ વેગવાન બની છે. બનાસકાંઠા જિલ્લામાં ગઈકાલ સુધી રાજ્ય સરકારના ખેતીવાડી વિભાગની ૨૭ સર્વે ટીમ અને ભારત સરકારના લોકસ્ટ કંટ્રોલ યુનિટની ૧૯ ટીમ અને ૨૫ સ્થાનિક ટ્રેક્ટર માઉન્ટેડ સ્પ્રેયર મારફતે તીડ નિયંત્રણની કામગીરી દ્વારા ઉપર૬ હેક્ટરમાં નિયંત્રણ કરવામાં આવી છે. અત્યારસુધીમાં તીડગ્રસ્ત સંબંધિત વિસ્તારોમાંથી ૨૫ તીડોનો નાશ કરી શકાયો છે. બચી ગયેલા તીડો પૈકી એક ટોળું ફંટાઈને રાજસ્થાન તરફ ગયું છે. અને અડધું ટોળું વાઘાસણ, મિયાલ, આજુબાજુના ગામોના અંદાજે ત્રણ હજાર હેક્ટર વિસ્તારમાં જોવા મળ્યું હતું. જે માટે આજે ભારત સરકારની ૧૬ ટીમો અને રાજ્ય સરકારના ખેતીવાડી વિભાગ મારફત ૧૦૦ જેટલા ટ્રેક્ટર માઉન્ટેડ સ્પ્રેયરથી નિયંત્રણની કામગીરી ચાલુ છે. આગામી દિવસોમાં પણ તીડ જ્યાં જ્યાં જોવા મળશે ત્યાં તમામ પ્રકારના સંસાધનોનો ઉપયોગ કરી તીડ નું નિયંત્રણ કરી લેવામાં આવશે.

આકરી ઠંડી

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

છે. આ આકરી ઠંડીની અસર ગુજરાત પર પણ થઈ રહી છે. ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં લઘુત્તમ તાપમાન છેલ્લા કેટલાક દિવસોમાં ઘણુ નીચે ઉતર્યુ છે. હવામાન વિભાગે પણ લઘુત્તમ તાપમાન ઘટવાની આગાહી કરી હતી જે મુજબ જ શહેરમાં લઘુત્તમ તાપમાનમાં ખાસ્સો ઘટાડો થયો છે.

ગઈકાલથી જ પવનની ગતિ ખૂબ તેજ રહી હતી. પવનની ગતિ વધતા ઠંડીની અસર વધુ રહી હતી. મહત્તમ તાપમાન ઉતરતા દિવસે ઠંડી અનુભવાઈ હતી. રાત્રે તો ઠંડા પવનોની અસર એટલી બધી રહી હતી કે વસાહતીઓએ ઘરની બહાર નીકળવાનુ ટાળ્યુ હતુ. શહેરના માર્ગો ખુબ જ વહેલા સુમસામ બની ગયા હતા.

દિવસ દરમ્યાન પવનની ગતિ ખૂબ રહેતા હોર્ડીંગ્સ અને બેનર તુટી ગયા હતા. ઘરના બારીબારણાં તો ખુલ્લા રાખી શકાય તેવી સ્થિતિમાં જ ન હતા. હજુ એક અઠવાડિયુ આવી જ ઠંડી પડશે તેવી આગાહી હવામાન વિભાગે કરી છે.

ઘેરો બન્યો

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

જગ્યાએ હાજર થવા આવ્યા ત્યારે તેમને જોઈનીંગ પિરીયડ ભોગવી લેવાની સલાહ આપી સાત દિવસ રજા પર ઉતરવાની ફરજ પડાઈ હતી. આ પછી ગઈકાલે જ્યારે તેઓ હાજર થયા તે પછી તેમને બેસવા માટે જેટલી જગ્યા ફાળવવી જોઈએ તે ફાળવી નથી અને બીજા નાયબ મ્યુનિ. કમિશ્નર તરીકે હાજર કરવામાં આવ્યા હોય તો તેમને કઈ સેવાઓ સંભાળવાની છે તેનો અલાયદો હુકમ પણ કરાયો નથી.

મનપામાં વિવાદો સતત વધી રહ્યા છે. ચૂંટાયેલી પાંખ અને વહીવટીય પાંખ વચ્ચેના વિવાદોએ સરકારની ચિંતામાં વધારો કર્યો છે.

મળતી બિનસત્તાવાર વિગતો પ્રમાણે સોમવારે રાજ્યના મુખ્યમંત્રીને પણ મળી વધતા જતા વિવાદોને લઈ રજુઆત કરવાનું પણ કેટલાક સિનીયર નેતાઓ વિચારી રહ્યા છે. મનપાની સામાન્ય ચૂંટણીની આડે હવે એક વર્ષનો જ સમય બાકી છે ત્યારે વિવાદોમાં અટવાયેલ મનપા પ્રજાને સારી સેવાઓ પુરી પાડવામાં નિષ્ફળ રહ્યુ છે.

પરું કાઢ્યું

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

જમણા કાનની પાછળ કાણુ પાડીને સર્જરી કરી હતી આ દરમિયાન મગજમાં પ્રસરી ગયેલુ ૫૦ સી સી થી વધુ પરુ કાઢવામાં આવ્યુ હતુ. આ સર્જરીમાં એન્સ્થેટીક સર્જન ડો ધારાબેન અને ઈએનટી ના રેસીડન્ટ ડોકટર તથા સ્ટાફે જહેમત ઉઠાવી હતી. ડોકટરના જણાંવ્યા મુજબ બે દિવસમાં પરુ કાઢવામાં આવ્યુ ન હોત તો મગજના તાવ તેમજ ખેંચ અને ઉલ્ટીની સમસ્યા ઉભી થાત જેમાં દર્દીને જીવનુ જોખમ રહેલુ હતુ.

કકળાટ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

જયારે પાણીના વપરાશની સાથે પાણીનો બગાડ પણ વધુ થાય છે. શહેરમાં પ્રતિદિન અંદાજિત ૬૦ એમ એલ ડી જેટલા પાણીનો સપ્લાય કરવામાં આવે છે. શહેરના નવા અને જુના સેકટરોમાં ચરેડી તેમજ સરિતા પમ્પીંગ સ્ટેશનથી પાણીનો સપ્લાય કરવામાં આવે છે. બોર તેમજ નર્મદા સાથે શહેરમાં પાણીની જરૂરિયાત સંતોષવા માટે તંત્ર દ્વારા સમગ્ર શહેરમાં સવારના સમયે કોમન સપ્લાય થકી પાણી પુરુ પાડવામાં આવે છે. પરંતુ સેકટરોમાં વારંવાર ફોર્સથી પાણી ન આવતુ હોવાનો કકળાટ ઉઠવા પામે છે. જેની સાથે સેકટરોમાં પાણીની ગુણવત્તા સામે પણ અનેક સવાલો મંડરાય છે. જો કે શહેરમાં સપ્લાય થતા પાણીનો પુરવઠો ગુણવત્તાયુકત અને પીવાલાયક હોવાનુ પણ તંત્રના અધિકારીઓ જણાંવી રહ્યા છે. ત્યારે ગઈકાલે નગરના જુના સેકટરોમાં પાણી ડહોળુ આવ્યુ હોવાનો રોષ ઉઠવા પામ્યો હતો. નગરના સે-૧૪ થી ૩૦ માં પાણી ડહોળુ આવ્યુ હોવાથી પાણીની ગુણવત્તા સામે ફરી એકવાર પ્રશ્નાર્થ સર્જાયો હતો. જો કે સુત્રોના જણાંવ્યા મુજબ સંપની સફાઈ હાથ ધરવામા આવી હોવાના લીધે પાણી ડહોળુ આવ્યુ હતુ પરંતુ આ ફરિયાદ શનિવારથી હલ થઈ જશે. સેકટરોમાં ડહોળુ પાણી સફાઈ કામગીરીના લીધે આવતુ હોવાનો પ્રશ્ન અગાઉ પણ આમ નાગરિકોમાં કકળાટનુ કારણ બન્યો હતો.

વિક્રમી ઠંડી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

અન્ય રાજ્યોમાં પણ અનુભવાઈ રહ્યો છે. હવામાન વિભાગના કહેવા મુજબ આ કડકડતી ઠંડીથી હાલ કોઈ રાહત મળી શકે તેવી શક્યતા ખુબ ઓછી છે. વિભાગે જાહેર કરેલા પોતાના અનુમાનમાં જણાવ્યું છે કે, આગામી બે દિવસ સુધી દેશના અલગ અલગ ભાગોમાં ઠંડીની સ્થિતિ કેવી રહેશે.

રાજધાનીમાં ખુબ જ ઠંડી પડી રહી છે પરંતુ હાલ આ ઠંડી તરફથી રાહત મળવાની કોઈ જ શક્યતા જોવા નથી મળી રહી. હવામાનનાં પૂર્વાનુમાન અનુસાર દિલ્હી-એનસીઆર, પંબાજ, હરિયાણા, વેસ્ટ યૂપી, ઈસ્ટ યૂપી, નોર્થ રાજસ્થાનમાં ઠંડીના કારણે ઓરેન્જ એલર્ટ ઈશ્યું કરવામાં આવ્યું છે. આ તમામ સ્થળો પર ખુબ જ ઠંડી પડવાની સંભાવના છે. આ દરમિયાન ઝાકળ ખુબ જ વધી શકે છે. વિજિબિલિટી ૫૦ મીટર અથવા તેનાથી ઘટી શકે છે. હવામાન વિભાગના અનુસાર ૨૭-૨૯ જેટલી ઠંડીનો પ્રકોપ ચાલુ રહેશે. આ વર્ષે ડિસેમ્બરમાં તાપમાન ૧૯.૧૫ થવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. જો એવું થાય છે તો આ આ સદીનું બીજુ સૌથી ઠંડો ડિસેમ્બર હશે. આ અગાઉ ૧૯૯૭માં તાપનામ ૧૭.૩ નોંધવામાં આવ્યું હતું અને ચંડીગઢ સૌથી ઠંડુ હતું. ઉલ્લેખનીય છે કે, દિલ્હીમાં ઠંડીના કારણે લોકોના દૈનિક જીવન પર પણ અસર પડે છે. ગાઢ ધુમ્મસ અને તડકો નહી નિકળવાનાં કારણે લોકો પરેશાનીનો સામનો કરવો પડે છે.

સૈનિક ઠાર

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

પાકિસ્તાની સેનાની આ કાયરતાપૂર્ણ હરકતમાં ભારતીય સેનાનો એક જવાબ શહીદ થયો. ભારત તરફથી પાકિસ્તાનને આર્ટિલરી અને મોર્ટારથી જવાબ આપવામાં આવ્યો.

ભારતીય સેનાની આ કાર્યવાહીમાં પાકિસ્તાની સેનાની અનેક ચોકીઓ તબાહ થઈ. આ સાથે જ પાકિસ્તાની સેનાએ સ્વીકાર્યું કે તેના ૪ સૈનિકો પાકિસ્તાનનાં કબજાવાળા કાશ્મીરનાં દેવા સેક્ટરમાં માર્યા ગયા. બુધવારનાં રામપુર સેક્ટર (ઉરીની નજીક) પાકિસ્તાન તરફથી સંઘર્ષવિરામનું ઉલ્લંઘન કરવામાં આવ્યું હતુ જેમાં સુબેદાર વીરાશ કુરહાઠી શહીદ થયા હતા અને સ્થાનિક મહિલાનું પણ મોત થયું હતું.પાકિસ્તાની સેનાએ બારામુલા જિલ્લાનાં અનેક સેક્ટરોમાં નાગરિક અને રક્ષા ઠેકાણાઓ પર હળવા હથિયારોથી હુમલો કર્યો.

આમને-સામને

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

જમ્મુ-કાશ્મીરમાંથી આર્ટિકલ ૩૭૦ હટાવવાને લઈને મોદી સરકારની પ્રશંસા કરતા શાહે કહ્યું કે, ''આપણે બાળપણથી નારા લગાવતા હતા કે બે નિશાન, બે પ્રધાન અને બે સંવિધાન નહીં ચાલે. પરંતુ વર્ષો સુધી કંઈ ના થયું. પરંતુ આજે જમ્મુ-કાશ્મીરથી કલમ ૩૭૦ સમાપ્ત થઈ ગઈ છે. આજે તિરંગો કાશ્મીરમાં આકાશની ઊંચાઈઓને આંબતો શાનથી લહેરાઈ રહ્યો છે.''

ઉલ્લેખનીય છે કે કૉંગ્રેસનાં પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ અનેક વખતે નાગરિકતા કાયદાનો વિરોધ કરતા કહ્યું હતુ કે આ અસવૈંધાનિક છે. એટલું જ શુક્રવારનાં સવારે રાયપુરમાં પણ એક કાર્યક્રમાં તેમણે કહ્યું હતુ કે એનઆરસી હોય કે પછી એનપીઆર આ ગરીબો પર ટેક્સ જેવું છે. રાહુલ ગાંધીએ કહ્યું